


આવો સૌ સાથે મળી વૃક્ષ વાવીએ, પર્યાવરણ બચાવીએ

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૮૫ | ૫ જુન, ૨૦૧૯, બુધવાર; જયેષ્ઠ સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# આગામી ૪૮ કલાકમાં ચોમાસુ કેરળ પહોંચશે

## બંગાળની ખાડીના દક્ષિણ ભાગમાંથી આવનારા પવનોના પગલે વરસાદ આગળ વધશે : નાગાલેન્ડ, મિઝોરમ, ત્રિપુરા, અસમ અને મેઘાલયમાં ભારે વરસાદની શકયતા : ગોવામાં ચોમાસાનું આગમન ૧૨ જૂને થવાની શકયતા

ન્યુ દિલ્હી,તા.૪

આગામી ૪૮ કલાકમાં કેરળના કિનારે ચોમાસું દસ્તક આપી શકે છે. ભારતીય હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે બંગાળની ખાડીના દક્ષિણ વિસ્તારોમાંથી આવતા પવનો ચોમાસાને આગળ વધારવામાં મદદ કરી રહ્યાં છે. જો આવી સ્થિતિ બનેલી રહેશે તો આગામી ૪૮ કલાકમાં કેરળના કાંઠાના વિસ્તારોમાં વરસાદ પડવાની આશા છે. કેરળ બાદ ગોવામાં ૧૨મી જૂનના રોજ ચોમાસું દસ્તક દેશે. હવામાન વિભાગનું કહેવું છે કે આંધ્રપ્રદેશના અનેક વિસ્તારોમાં પ્રી-મોન્સૂન વરસાદ શરૂ થઈ ગઈ છે. વરસાદ બાદ ખેડૂતોને ખરીફ પાકના વાવેતરમાં મદદ મળશે. નોંધનીય છે કે આ વર્ષે ચોમાસું છ દિવસ મોડું છે. સામાન્ય રીતે પ્રથમ જૂનના રોજ કેરળમાં વરસાદ દસ્તક દેતો હોય છે.

હવામાન વિભાગ તરફથી જાહેર કરવામાં આવેલા બુલેટિન પ્રમાણે નાગાલેન્ડ, મિઝોરમ, ત્રિપુરા, આસામ અને મેઘાલયમાં ભારે વરસાદ પડી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે ભારે ગરમીથી બહું ઝડપથી રાહત મળશે. દિલ્હી સહિત ઉત્તર ભારતના અનેક વિસ્તારોમાં ગરમ હવાથી ધીમે ધીમે રાહત મળશે. જયારે ગોવામાં ચોમાસાનું આગમન ૧૨ જૂને થવાની શકયતા છે.

હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે માર્ચ, એપ્રિલ અને મે મહિનામાં થતા વરસાદને પ્રી-મોન્સૂન વરસાદ કહેવામાં આવે છે. આ દરમિયાન પૂર્વ ઉત્તર પ્રદેશમાં ૬૯ ટકા ઓછો વરસાદ નોંધાયો છે. જ્યારે પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં ૪૦ ટકા ઓછો વરસાદ થયો છે. જેનો મતલબ એવો થાય છે કે આ વખતે પ્રી-મોન્સૂન વરસાદ સાવ ઓછો પડ્યો છે. ૬૫ વર્ષમાં પ્રથમ વખત પ્રી-મોન્સૂન દરમિયાન આટલો ઓછો વરસાદ પડ્યો છે.

ધીમી ગતિને કારણે આ વર્ષે કેરળમાં ચોમાસું પહોંચવામાં વાર લાગી છે. ભારતીય હવામાન વિભાગનું કહેવું છે કે કેરળમાં ચોમાસું છઠ્ઠી જૂનના રોજ પહોંચવાનો અંદાજ છે.

નોંધનીય છે કે ચોમાસાની સીધી અસર ગ્રામીણ વિસ્તારોમાં રહેતા લોકો પર પડે છે. જો ચોમાસું સારું રહે તો ગ્રામીણ વિસ્તારોમાં રહેતા લોકોની આવકમાં વધારો થાય છે, જેના કારણે માંગમાં વધારો થાય છે. ગ્રામ્ય વિસ્તારોમાં આવક વધે તેની સીધી અસર ઉત્પાદનોની માંગ પર થાય છે.

# ...તો બસપાને ચાર જ બેઠકો મળી હોત : સપા

## માયાવતી પર સમાજવાદી પાર્ટીના વળતા પ્રહારો : સમાજવાદી પાર્ટીના કાર્યકરોએ ગઠબંધનના ઉમેદવારને જીતાડવા ભરપુર મહેનત કરી હતી : રામગોપાલનો દાવો

લખનૌ, તા. ૪

ઉત્તરપ્રદેસમાં હવે પેટાચૂંટણી એકલા હાથે લડવાની બહુજન સમાજ પાર્ટીના નેતા માયાવતીએ જાહેરાત કર્યા બાદ સમાજવાદી પાર્ટી ઉપર હાર માટે દોષારોપણ કર્યા છે. માયાવતીનું કહેવું છે કે, યાદવ વોટ તેમને મળ્યા નથી. આના સંદર્ભમાં સમાજવાદી પાર્ટીએ આકરી પ્રતિક્રિયા આપી છે. સમાજવાદી પાર્ટીના વરિષ્ઠ નેતા રામગોપાલ યાદવે નિવેદન કરતા કહ્યું છે કે, બહુજન સમાજ પાર્ટી એક મોટી પાર્ટી છે પરંતુ સમાજવાદી પાર્ટી તેના કરતા મોટી પાર્ટી છે. જો યાદવના મત મળ્યા ન હોત તો બહુજન સમાજ પાર્ટીને ૧૦ના બદલે ૪ કે પાંચ સીટ મળી હોત. સમાજવાદી પાર્ટીની સાથે ગઠબંધન તુટી જવાની ચર્ચા વચ્ચે માયાવતીએ પત્રકાર પરિષદમાં સાફ શબ્દોમાં કહ્યું હતું કે, હાલમાં

● અનુસંધાન પાન-૭ પર



# કેન્દ્રીય બજેટની કામગીરી આરંભાઈ

## પાંચમી જુલાઈએ રજૂ થનાર બજેટને લઇને નોર્થ બ્લોકમાં તૈયારી આરંભાઈ : કર્મચારીઓના સંપર્ક પર રોક : પાંચમી જુલાઈ સુધી બહારનો સંપર્ક નહીં થાય

નવીદિલ્હી, તા. ૪

મોદી સરકારે બીજી અવધિમાં સત્તા સંભાળી લીધા બાદ હવે પ્રથમ સામાન્ય બજેટને રજૂ કરવા માટેની તૈયારીઓ કરી લેવામાં આવી છે. નાણા મંત્રાલયના અધિકારીઓ અને કર્મચારીઓના બહારના સંપર્ક બંધ કરી દેવામાં આવ્યા છે. એટલે કે તમામ એક ચોક્કસ વિસ્તારમાં રહીને હવે કામ કરશે. બહારની દુનિયા સાથે તેમના કોઈ સંપર્ક રહેશે નહીં. નાણામંત્રાલયમાં ક્વેરંટાઈન પ્રક્રિયા અમલી કરી દેવામાં આવી છે જે હેઠળ બજેટ તૈયાર કરવામાં લાગેલા અધિકારીઓ અને કર્મચારીઓ હવે બહારની દુનિયા સાથે કોઈ સંપર્ક રાખી શકશે નહીં. આ પ્રતિબંધ પાંચમી જુલાઈના દિવસે રજૂ કરવામાં આવનાર બજેટના દિવસ સુધી લાગૂ રહેશે. આ ગાળા દરમિયાન કોઈને પણ નાણામંત્રાલયમાં પ્રવેશ કરવાની મંજુરી આપવામાં આવશે નહીં. સામાન્ય ચૂંટણીથી પહેલા પહેલી ફેબ્રુઆરીના દિવસે વચગાળાનું બજેટ રજૂ કરવામાં આવ્યું હતું જેમાં સરકારને એક મર્યાદિત અવધિ

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### રાજ્યસભાનું સત્ર ૨૦ જૂનથી શરૂ

રાજ્યસભાનું સત્ર ૨૦ જૂનથી શરૂ થઈ ૨૬ જુલાઈ સુધી ચાલશે, રાજ્યસભાના સેક્રેટરી દેશદીપક શર્માએ જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિએ ૨૦ જૂનથી રાજ્યસભા સત્ર બોલાવવાને મંજૂરી આપી હતી. લોકસભાનું પ્રથમ સત્ર ૧૭ જૂનથી શરૂ થશે તેના ત્રણ દિવસ બાદ રાજ્યસભાનું સત્ર શરૂ થશે. નવા સ્પીકરની ચૂંટણી ૧૯ જૂને થશે.

### અફઘાનિસ્તાનની રાજધાની કાબૂલમાં વધુ એક બ્લાસ્ટ

અફઘાનિસ્તાનની રાજધાની કાબુલમાં શ્રમિકોને લઈ જઈ રહેલી એક બસમાં વિસ્ફોટ થવાથી ઓછામાં ઓછા પાંચ લોકોનાં મોત થયા છે, જ્યારે ૧૦ લોકો ઘાયલ થયા છે. અફઘાનિસ્તાનની રાજધાની કાબુલમાં શ્રમિકોને લઈ જતી એક બસમાં વિસ્ફોટ થવાથી ઓછામાં ઓછા ૫ લોકોનાં મોત થયા છે.



નિરાંતની નિંદર - કેવું અદ્દભૂત દૃશ્ય... કેવી અદ્દભૂત નિરાંતની નિંદર... પરંતુ આ બધુ જ માત્ર ને માત્ર પર્યાવરણ બચાવશું તો જ શક્ય છે... વાયુ પ્રદૂષણ અટકાવવાનો રામબાણ ઈલાજ - વૃક્ષોની સંખ્યા વધારવી પડશે... પ્રાકૃતિક સમૃદ્ધિ છલકાવવી પડશે... તો વધતા જતા પ્રદૂષણ સામે બાથ ભીડી શકાશે... પર્યાવરણને સમતોલ કરી શકાશે... રોગચાળો નાથી શકાશે... અને નિરાંતે નિંદર લઈ શકાશે... માનવજાત મુંઝવણ અનુભવે છે... પોતાની જ ઉભી કરેલી જાળમાં પોતે ફસાયો છે... વિકાસના માટે વૃક્ષોનું છેદન કરી ગતિ માટે વાહનો દસ ગણા કર્યા અને બંગલાના આકર્ષણ માટે મોટા મોટા કાચ લગાવ્યા... બસ ત્યારથી જ પર્યાવરણનું નિકંદન નિકળતું થયું... હજુ પણ સમય છે... બચાવી શકીએ એમ છીએ... પર્યાવરણનું જતન કરવા સંવાદો અને પરિસંવાદો વિના માત્ર ને માત્ર એક વર્ષમાં એક વ્યક્તિ બે વૃક્ષ વાવે તો આગામી ત્રણ વર્ષમાં માનવજાત પર્યાવરણના અસંતુલનમાંથી બચી શકે એમ છે... આવો, પળનોય વિલંબ નથી કરવો... વૃક્ષ વાવીએ, પર્યાવરણ બચાવીએ...

# કાશ્મીર વિધાનસભા બેઠકોના સીમાંકનની કામગીરી આરંભાઈ

## ગૃહમંત્રી બન્યા બાદ અમિત શાહ એક્શનમાં આવ્યા : જમ્મુ કાશ્મીરના બંધારણ મુજબ ૧૦ વર્ષે વિધાનસભા સીટોમાં સીમાંકનની પ્રક્રિયા હાથ ધરવાની જોગવાઈ છે પણ આ પ્રક્રિયા પર વર્ષોથી બ્રેકની પરિસ્થિતિ

નવીદિલ્હી, તા. ૪

ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ અમિત શાહ ગૃહમંત્રાલયની જવાબદારી સંભાળી લીધા બાદ એક્શનમાં દેખાઈ રહ્યા છે. સુત્રોના કહેવા મુજબ ગૃહમંત્રી અમિત શાહ જમ્મુ કાશ્મીરમાં વિધાનસભા સીટોના સીમાંકન ઉપર વિચારણા કરી રહ્યા છે. કાશ્મીરમાં સીમાંકન પંચની રચના ઉપર વિચારણા ચાલી રહી છે. રાજ્યમાં છેલ્લે ૧૯૯૫માં સીમાંકનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જમ્મુ કાશ્મીર વિધાનસભામાં કુલ ૧૧૧ સીટો રહેલી છે પરંતુ ૨૪ સીટોને ખાલી રાખવામાં આવી છે. જમ્મુ કાશ્મીરના બંધારણની કલમ ૪૭ હેઠળ આ ૨૪ સીટોને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીર માટે ખાલી રાખવામાં આવી છે. બાકીની ૮૭ સીટો પર ચૂંટણી યોજવામાં આવે છે. જમ્મુ કાશ્મીરમાં અલગ પ્રકારના બંધારણની વ્યવસ્થા છે. રાજ્યના બંધારણ મુજબ દર ૧૦ વર્ષ બાદ ચૂંટણી ક્ષેત્રોમાં સીમાંકનની પ્રક્રિયા



થવી જોઈએ. આ રીતે જમ્મુ કાશ્મીરમાં સીટોના સીમાંકન પ્રક્રિયા ૨૦૦૫માં કરવાની જરૂર હતી પરંતુ ફારુક અબ્દુલ્લા સરકારે ૨૦૦૨માં આના ઉપર ૨૦૨૬ સુધી પ્રતિબંધ મુકી દીધો હતો. અબ્દુલ્લા સરકારે જમ્મુ કાશ્મીર જન પ્રતિનિધિત્વ કાયદા, ૧૯૫૭ અને જમ્મુ કાશ્મીરના બંધારણમાં ફેરફાર કરવાનો નિર્ણય કર્યો હતો. ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ જમ્મુ ક્ષેત્રની વસ્તી ૫૩૭૮૫૩૮ છે. આ પ્રાંતની ૪૨.૮૯ ટકા વસ્તી છે. ૨૫.૯૩ ટકા ક્ષેત્ર જમ્મુમાં આવે છે અને વિધાનસબાની ૩૭ સીટો અહીં

● અનુસંધાન પાન-૭ પર

# 'નારાજ' નીતીશને મહાગઠબંધનનું આમંત્રણ

## ભાજપનો સાથ છોડીને ગઠબંધનમાં જોડાઈ જવું એ જ સમજદારી કહેવાશે : રઘુવંશ પ્રસાદ

પટના,તા.૪

ભાજપ અને જેડીયુ નેતાઓ એક-બીજાની ઈફતાર પાર્ટીમાં સામેલ નહીં થયાના એક દિવસ પછી જ મુખ્યમંત્રી નીતીશ કુમાર અને ઉપ મુખ્યમંત્રી સુશીલ મોદી લોકજનશક્તિ પાર્ટી પ્રમુખ રામ વિલાસ પાસવાનની ઈફતાર પાર્ટીમાં સામેલ થયા હતા. ઈફતાર પાર્ટીમાં રામવિલાસ પાસવાનની એક તરફ જેડીયુ અધ્યક્ષ અને બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમાર અને બીજી તરફ ભાજપના નેતા અને ઉપ મુખ્યમંત્રી સુશીલ કુમાર બેઠા હતા. આ ઈફતાર પાર્ટીમાં બિહારના રાજ્યપાલ લાલજી ટંડન અને ભાજપા નેતા રામકૃપાલ પણ હાજર રહ્યા હતા.

બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારનો કેબિનેટ પદ મામલે ભાજપ સાથે છેલ્લા ઘણા સમયથી મતભેદ ચાલી રહ્યા છે. એવામાં લાલુ પ્રસાદ યાદવે તેમને આમંત્રણ મોકલ્યું છે. લોકસભા ચૂંટણીમાં બિહારમાં ખાતુ ખોલાવવામાં પણ નિષ્ફળ રહેલ લાલુ પ્રસાદ યાદવની પાર્ટી ઈચ્છે તેમને મહાગઠબંધનમાં પરત ફરવા માટે આમંત્રિત કર્યા છે. તેમણે ૨૦૧૭માં મહાગઠબંધન સાથે છેડો ફાડી દીધો હતો. આ આમંત્રણ આરજેડી ઉપાધ્યક્ષ રઘુવંશ પ્રસાદ સિંહે સોમવારે પટનામાં મોકલ્યું

● અનુસંધાન પાન-૭ પર


ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

સિંગાપોરમાં ભણો
સેમિનાર 8th June, 2019
11 am to 1 pm
બાપુ ગુજરાત નોલેજ વિલેજ,
ગાંધીનગર- માણસા રોડ, વાસન, ગાંધીનગર 382650
100% VISA SUCCESS RATIO
IELTS વગર
કોઈ ઇન્ટરવ્યૂ નહી
૨૫ દિવસમાં વીઝા પ્રોસેસ
London School of Business & Finance
R K ACADEMY OF EXCELLENCE PVT. LTD. ENRICH ~ ENABLE ~ EVOLVE
IELTS English for International Opportunity
STUDENT VISA
CALL NOW 72 708 72 708
T&C apply

ઝાયડસ હૉસ્પિટલ, અમદાવાદ દ્વારા
ગાંધીનગરમાં નિયમિત ઓપીડી
Zydus Hospitals A Complete Hospital
પેટ, આંતરડા અને લીવરના રોગોના સર્જન
ડૉ. વિશાલ સોની
MS, Fellow (GI Surgery) FMAS, DMAS, FALS, FIAGES
પેટ, આંતરડા, લીવરની બીમારીઓના લક્ષણો
● પિત્તાશયમાં સોજો / પથરી
● હર્નિયા
● પેટના કેન્સરની ગાંઠ
● મળમાર્ગની તકલીફો
● એપેન્ડિક્સમાં સોજો
● એસીડીટી, પેટમાં દુઃખાવો
● ઝાડામાં / ઉલ્ટીમાં લોહી પડવું
● સ્વાદુપિંડમાં સોજો, પથરી અથવા ઈન્ફેક્શન
*દૂરબીન દ્વારા ઓપરેશન (લેપ્રોસ્કોપી સર્જરી)
તારીખ: 06-06-2019 (ગુરૂવાર) સમય: સવારે 10:00 થી બપોરે 12:00
સ્થળ: તેજસ સર્જીકલ હૉસ્પિટલ
પથીકા બસ સ્ટેન્ડ પાસે, સેકટર-7-C, પ્લોટ નં. 951/1, ગાંધીનગર
ડૉ. વિશાલ સોની દર મહિનાના પહેલા અને ત્રીજા ગુરુવારે ઓપીડીમાં મળશે.
રજીસ્ટ્રેશન માટે સંપર્ક : સચીન જયસ્વાલ - +91 97228 36076
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
ઝાયડસ હૉસ્પિટલ, સોલા બ્રિજ પાસે, એસ.જી.હાઈવે, થલતેજ, અમદાવાદ-54 | 24x7 ઈમરજન્સી નં.: +91 78744 12345
*આ માહિતી માત્ર દર્દીની જાણ માટે જ છે.